# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નિર્ધારિત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાના રાજ્યના તમામ સ્થળસંચાલકશ્રીઓને જણાવવામાં આવે છે કે બોર્ડ કક્ષાના પ્રાયોગિક વિષય (૦૫૩- રસાયણ વિજ્ઞાન, ૦૫૫-ભૌતિક વિજ્ઞાન અને ૦૫૭-જીવવિજ્ઞાન)ની પરીક્ષાના ગુણ **તા.૦૫/૦૨/૨૦૨૬** થી બોર્ડની વેબસાઈટ **www.gseb.org** અથવા **gsebpractical.in** અથવા **scicenter.gsebpractical.in** પરથી **ઓનલાઈન** ભરવાના રહેશે. જેની સંબંધિત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રાયોગિક પરીક્ષાના સ્થળસંચાલકશ્રીઓએ તથા મૂલ્યાંકનકારશ્રીઓએ નોંધ લેવી.

પરીક્ષાર્થીના વિષય/વિષયો કે અન્ય કોઈ બાબતે વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતે **વિજ્ઞાન પ્રવાહ "ક" શાખાનો** જરૂરી આધારો સાથે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

**નોંધ** -(૧) પરીક્ષાર્થીઓના પ્રાયોગિક વિષયના ગુણ પરીક્ષાર્થીઓને ફાળવેલ પરીક્ષાના **SID NUMBER** ના આધારે ભરવાના રહેશે. ઓનલાઈન ગુણ ભરવા માટેની તમામ સૂચનાઓ **(GUIDELINES)** લોગીન કર્યા બાદ ઓનલાઈન જોઈ શકાશે.

(૨) ઓનલાઈન ગુણની એન્ટ્રી કરવા માટે ચાર અંકવાળા **CENTER CODE** અને ફાળવવામાં આવેલ **BUILDING CODE** નો ઉપયોગ કરી લોગીન કરવાનું રહેશે.

(૩) વિજ્ઞાન પ્રવાહની શાળા કક્ષાએ લેવાનાર કમ્પ્યૂટર(૩૩૨) પ્રાયોગિક વિષયના ગુણ **ઓનલાઈન** ભરવાની સૂચનાઓ હવે પછીથી અલગથી આપવામાં આવશે.

તારીખ-૦૪/૦૨/૨૦૨૬
સ્થળ-ગાંધીનગર

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર